**<u>ફો.પ.અ.નંબરઃ ૩૫૧૫/૧૮.</u>**

**<u>આંકઃ૧ ની અરજી લગત હુકમ</u>.**

(૧) અરજદારની અરજી અન્વયે સામાવાળાએ અરજદારને કુલ ૪૪ મહિનાનાં માસીક રૂપીયા ત્રણ હજાર લેખે રૂપીયા ૧,૩૨,૦૦૦/- આપવાનાં બાકી નીકળે છે જે રકમ માટે તથા મકાન ભાડાની રકમ રૂપીયા ચાર હજાર અને વળતર ની રકમ રૂપીયા પાચ હજાર , ખર્ચની રકમ રૂપીયા પાચસો એમ કુલ રૂપીયા ૧,૪૧,૫૦૦/- ની રિકવરી કરવા અરજી કરેલ છે.

(૨) રેકર્ડ ધ્યાને લેતા અરજી મળ્યા તારીખ મુળ અરજીની તારીખ ૧૬-૧૦-૨૦૧૪ જે તારીખ ૩-૪-૨૦૧૮ નાં રોજ નિકાલ કરવામાં આવેલ જેનો આખરી હુકમ ધ્યાને લેતા અરજીની તારીખ થી દર મહિને રૂપીયા ત્રણ હજાર ભરણ પોષણ ચુકવવાનો હુકમ કરેલ અને દિન-૩૦ માં રહેઠાણ માટેનું મકાન પુરુ પાડવુ એવો હુકમ કરેલ, અને જો રહેઠાણનું મકાન પુરુ પાડવામાં ન આવે તો દર મહિને બે હજાર હુકમ તારીખ થી મકાનનું ભાડુ ચુકવવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) સદર કામે સદર અરજીનાં અનુસંધાને આંક-૧૦ ધ્યાને લેતા આંક-૧ ની અરજી માં તારીખ ૧૬-૧૦-૧૪ ના બદલે ૧૬-૧૦-૧૬ લખાયેલ તે માત્ર ટાઈપીંગ ભુલ છે તેમ જણાઈ આવે છે. તેમજ ફોજદારી પરચુરણ અરજી ૨૩૮/૧૪ ના કામે આંક-૨૧ થી જે હુકમ કરેલ છે તે મુખ્ય અરજી સને ૨૦૧૪ ની હતી તે રેકર્ડ ની બાબત છે, અને અરજી દાખલ કર્યા તારીખ થી રકમ ચુકવવાનો હુકમ છે.

(૪) આ કામનાં સામાવાળાને હાજર રહેવા માટે હુકમ કરેલ જે અન્વયે સામાવાળાને નોટીસની બજવણી થયેલ તેમ છતાં હાજર થયેલ ન હોય આંક-૫

ના હુકમ અન્વયે રિકવરી વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવેલ તેમજ આંક–૬ ના હુકમ અન્વયે અગાઉ રિકવરી વોરંટ કાઢવાનો હુકમ કરેલ જેના અનુસંધાને પો.ઈ. રાંદેર પો.સ્ટે. દ્વારા રિકવરી વોરંટ બજે કે વગરબજેલ પરત મોકલાવેલ નથી તેમજ સામાવાળા દ્વારા કોઈ પણ રકમની ચુકવણી અરજદારને કરેલ નથી.

(૫) આજરોજ સામાવાળા પોતે હાજર થયેલ છે અને આંક–૯ થી રોહીતભાઈ હરેશભાઈ ભરવાડનું સોગંદ પર નિવેદન નોંધવામાં આવેલ તેઓ દ્વારા જણાવેલ છે કે, તેમના વકીલ જગજીત સાહેબ દ્વારા આજરોજ કોર્ટમાં હાજર રહેવા માટે ની સમજ આપાવામાં આવેલ અને અરજદાર તેમના પત્ની થાય છે તેમજ નોટીસની નકલ આરપીએડી થી મળેલ તેવી ખાત્રી કરવામાં આવેલ વધુમાં સામાવાળાને પુછવામાં આવેલ કે, રુપીયા ૧,૪૧,૫૦૦/– તમારે અરજદારને ચુકવવાના બાકી છે તે રકમ આજરોજ ચુકવવા સારુ તૈયાર છો ? તેના જવાબમાં સામાવાળા દ્વારા જણાવેલ કે, '' ના હું લાવેલ નથી '' તેજ રીતે સદર રકમ તમે આજરોજ ભરી શકશો તેનો પણ જવાબ, નકારમાં આપવામાં આવેલ છે. તેમજ સદર સામાવાળાની સાથે આજરોજ તેમના પપ્પા ના મામા આવેલ હતા અને તેઓ નીચે ઉભેલ છે તેમ જણાવેલ છે . વધુમાં સામાવાળાને જાણકારી આપવામાં આવેલ કે, જો તમે આ નાણા ન ભરો તો તમારે જેલમાં જવુ પડે તે બાબતની તમને માહીતી છે ત્યારે તેમને તેની માહીતી છે તેવી વિગત જણાવેલ છે, આમ, હાજર સામાવાળા દ્વારા જે સવાલોનાં જવાબ આપેલ છે જે ધ્યાને લેતા સામાવાળા ઈરાદાપૂર્વક સદર અરજી મુજબની રકમ ભરવામાં કસુર કરે છે તેમ જણાઈ આવે છે.

(૬) હાલનાં સામાવાળા દ્વારા સદર રકમ ભરવા માટે તૈયાર ન હોય તેવુ જણાવતા હોય જે સંજોગોમાં સદર રકમ ભરવામાં સામાવાળાએ કસુર કરેલ છે તેવુ અદાલતનુ માનવુ છે.

(૭) હાલનાં કામે અરજી, સોગંદનામુ તેમજ ફો.પ.અ.૨૩૮/૧૪ નો ચુકાદો આ તમામ બાબત ધ્યાને લેતા કુલ ૪૪ મહિનાની રકમ ચુકવવાની કસુર કરેલ છે જે અન્વયે ઘરેલુહિંસાથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદા અન્વયે રકમની વસુલાત માટે જે અરજી દાખલ કરેલ છે તે અરજીની રકમ ભરવામાં કસુર કરેલ છે જે બાબત ધ્યાને લેતા દરેક મહિનાના કસુર બદલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫(૩) ધ્યાને લેતા ૩૦ દિવસની સાદી કેદની સજાની જોગવાઈ છે પરંતુ હાલનાં કામે સામવાળા દ્વારા કરેલ દલીલ ધ્યાને તેમજ કેસની હકીકત ધ્યાને લેતા દર મહિનાના કસુર બદલ દિન ૩૦ ની સજા કરવાના બદલે દર મહિનાની કસુર બદલ દિન–૧૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવો ન્યાયોચીત જણાઈ છે જે અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## ::હુ ક મ::

(૧) સામાવાળા રોહીતભાઈ હરેશભાઈ પરમાર નાઓ દ્વારા ૪૪ મહિનાંની ભરણપોષણની રકમ ભરવામાં કસુર કરવામાં આવેલ હોય જે અન્વયે દર મહિનાની ભરણપોષણની રકમ ચુકવાવના કસુર કરવા બદલ, દર મહિનાની કસુર લેખે દિન–૧૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે જે અન્વયે સામાવાળા રોહીતભાઈ હરેશભાઈ પરમાર નાઓને ભરણપોષણની રકમ ચુકવવાની કસુર બદલ દર મહિનાની કસુર પેટે દિન ૧૫ લેખે કુલ દિન–૬૬૦ (છસો સાંઠ) દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર રોહીતભાઈ હરેશભાઈ પરમાર દ્વારા કે તેના કોઈ પણ સગા–સંબંધી દ્વારા સદર ભરણપોષણની રકમ આ સજાનાં સમયગાળા દરમ્યાન જો જમા કરાવવા આવે તો તે રકમના ભાગ પેટે કાયદેશર રીતે સજામાં સેટ–ઓફ આપવું.

(૩) સંબંધીત જેલ ઓર્થોરીટી ( જેલરશ્રી સેન્ટ્રલ જેલ સાબરમતી ) નાઓને આદેશ કરવામાં આવે છે કે, જો સામાવાળા રોહીતભાઈ હરેશભાઈ પરમાર કે તેના સગા સંબંધી દ્વારા સદર ભરણપોષણની રકમ જમા કરાવવાની તૈયારી બતાવાવમાં આવે તો તે રકમ સ્વીકારી તુરતજ અત્રેની અદાલતને રિપોર્ટ કરવો કે જેથી સજામાં સેટ–ઓફ આપી હુકમ કરી શકાય.

(૪) સામાવાળાએ જેલ રૂબરુ અથવા અત્રેની અદાલત રૂબરુ સદર સજાનાં સમયગાળા દરમ્યાન અરજી મુજબની રકમ ભરવા માટે સ્વતંત્ર રહેશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૩/૧૧/૨૦૧૮

મુકામઃ અમદાવાદ

(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)
એડી.ચીફ.મેટ્રો.મેજીસ્ટ્રેટ.
કોર્ટ નંબર.૦૯. અમદાવાદ.

યુનીક કોડ નં. જી.જે.૦૦૮૫૪

KALPESHSONARA.(P.A)